(નાં:એ–૨/લેન્ડ/મા.વ./રજી.નં.૨૦૩/૨૦૧૫)
(મોજે : શીણાય, તા.ગાંધીધામના સ.નં.૩૨૦/૩, ૩૨૩)

નાં:એ–૨/લેન્ડ/મા.વ./રજી.નં.૨૦૩/૨૦૧૫

કલેકટર કચેરી,કચ્છ.
મહેસુલ શાખા, ભુજ
તા.૦૮/૧૦/૨૦૧૫

**વિષય :–** મોજે : શીણાય, તા.ગાંધીધામ
સ.નં.૩૨૦/૩ અને ૩૨૩ ની જમીનમાં રહેલ માપણી વધારો એ.૦.૦૭ ગું. (૭૦૮ ચો.મી) નિયમિત કરવા બાબત.
શ્રી હરી રણમલભાઈ ઝરૂ

**વંચાણ :–**

૧. અરજદારશ્રીની અરજી તા.૦૧/૦૫/૧૫ અને તા.૧૪/૫/૧૫
૨. મામલતદારશ્રી,ગાંધીધામના પત્ર નં.જમન/વશી/૬૦૭/૧૫, તા.૨૨/૦૬/૨૦૧૫.
૩. માપણી વધારો નિયમિત કરવા અંગેની સમિતિની તા.૨૮/૦૯/૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ મિટીગની કાર્યવાહી નોંધ.
૪. અત્રેના અરજદારશ્રીને સંબોધીને લખાયેલ પત્ર નં.એ–૨/લેન્ડ/મા.વ./નિયમિત/રજી.નં.૨૦૩/૧૫, તા.૦૧/૧૦/૧૫.
૫. મામલતદારશ્રી, ગાંધીધામના ચલણ ખરાઈ રીપોર્ટ ક્રમાંક: જમન/વશી/૯૬૪/મા.વ./ચલણ ખરાઈ/રીપોર્ટ/૨૦૧૫, તા.૦૬/૧૦/૨૦૧૫.
૬. પેટા તિજોરી અધિકારીશ્રી, ગાંધીધામના પ્રમાણપત્ર નં.તજર/પેતિગાં/ચલણ વેરીફીકેશન/૦૦૨૯/૨૦૧૫/૨૨૮, તા.૦૬/૧૦/૨૦૧૫.
૭. તલાટીશ્રી, શીણાય, તા.ગાંધીધામના પત્ર તા.૦૬/૧૦/૧૫.
૮. સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : દબણ/૧૧૨૦૧૩/૨૨૦/લ, તા.૦૯/૦૭/૨૦૧૩.

**—: હુ ક મ :—**

આ કામે હકિકત એવી છે કે, અરજદારશ્રી હરી રણમલભાઈ ઝરૂ દ્વારા વંચાણ–(૧) માં દર્શાવેલ તા.૦૧/૦૫/૨૦૧૫ અને તા.૧૪/૦૫/૨૦૧૫ વાળી અરજીથી મોજે : શીણાય, તા.ગાંધીધામના સ.નં.૩૨૦/૩ ની જમીન ચો.મી.૧૦૧૧૭ માં રહેણાંક હેતુ માટે બિનખેતી પરવાનગી મળવા જ.મ.કા.ક.૬૫ તળે માંગણી કામે, મામલતદારશ્રી, ગાંધીધામના વંચાણ–(૨) માં દર્શાવેલ તા.૨૨/૦૬/૨૦૧૫ વાળા પત્રથી હકારાત્મક અભિપ્રાય રજુ થયેલ છે. અને તેની વિગતે સવાલવાળા સ.નં.૩૨૦/૩ ની જમીનમાં એ.૦.૦૭ ગું. નો માપણી વધારો જાહેર થયેલ હોઈ, સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ તા.૦૯/૦૭/૨૦૧૩ ની જોગવાઈ મુજબ સદરહું માપણી વધારો નવેસરથી નિયમિત થવા અસલ ફાઈલ લેન્ડ–૫ દફતરેથી અત્રે તબદીલ થયેલ છે.

વંચાણ–(૩) માં દર્શાવેલ માપણી વધારો નિયમિત કરવા માટેની સમિતિની મિટીગની કાર્યવાહી નોંધના પત્રકમાં નીચેની વિગતે માપણી વધારાનું ક્ષેત્રફળ એ.૦.૦૭ ગું. (ચો.મી.૭૦૮) નકકી થયેલ છે તથા માપણી વધારા માટે લેવાપાત્ર જંત્રીદર પ્રતિ ચો.મી. ના રૂા.૭૫/–(ખેતી હેતુ) નકકી થયેલ છે. અને વંચાણ–(૮) માં દર્શાવેલ સરકારશ્રીના તા.૯/૭/૧૩ ના ઠરાવની જોગવાઈ અનુસાર ઉકત માપણી વધારો અત્રેના અધિકાર પરત્વે નિયમિત કરવાનો થાય છે.

| જુના સ.નં. | જુનું ક્ષેત્રફળ (એ.ગું.) | નવા સ.નં. | નવું ક્ષેત્રફળ (એ.ગું.) | માપણી વધારો (એ.ગું.) |
|---|---|---|---|---|
| ૧૮૯ | ૯.૩૯ | ૩૨૦/૩<br>૩૨૩ | ૨.૨૦<br>૭.૨૬<br>૧૦.૦૬ | ૦.૦૭ |

(નાં:એ-૨/લેન્ડ/મા.વ./રજી.નં.૨૦૩/૨૦૧૫)
(મોજે : શીણાય, તા.ગાંધીધામના સ.નં.૩૨૦/૩, ૩૨૩)

વંચાણ-(૪) વાળા અત્રેના પત્ર અન્વયે વંચાણ-(૫) થી (૭) વાળા રીપોર્ટથી અરજદારશ્રીએ માપણી વધારો નિયમિત કરવા નિયત ધોરણોનુસાર નીચેની વિગતે કિંમત ભરપાઈ કરેલ છે અને ગામ દફતરે ચડત આકાર અને મહેસુલ વેરા ભરાયેલ છે.

| ક્રમ | વિગત | રકમ | રકમ જમા થયાના આધાર |
|---|---|---|---|
| ૧. | માપણી વધારાની જમીન (૭૦૮ ચો.મી.) ની જંત્રીદર પ્રમાણે પ્રિમીયમની કિંમત | રૂ.૫૩,૧૦૦/- | ચલણ નં.૩૧૭/૨૦૧૫ થી મામલતદારશ્રી, ગાંધીધામ મારફતે તા.૦૫/૧૦/૨૦૧૫ ના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ગાંધીધામ શાખા મધ્યે. |
| ૨. | જમીનના આકારના ૨૦ પટ્ટની રકમ | રૂ.૧૦૦/-<br>રૂ.૫૦/- | તલાટીશ્રી પાસે પહોંચ નં.૨૪, તા.૦૬/૧૦/૨૦૧૫. |
| ૩. | માપણી વધારાવાળી જમીનનો તા.૧/૮/૫૮ થી ચડત મહેસુલ તથા અન્ય વેરા લોકલ શેષની રકમ. | રૂ.૩૦૦/-<br>રૂ.૧૫૦/- | તલાટીશ્રી પાસે પહોંચ નં.૨૫, તા.૦૬/૧૦/૨૦૧૫. |
| ૪. | શિક્ષણ ઉપકર | રૂ.૧૫૦/-<br>રૂ.૫૦/- | તલાટીશ્રી પાસે પહોંચ નં.૧૨૬, ૧૨૭, તા.૦૬/૧૦/૨૦૧૫. |

સબબ, મોજે : શીણાય, તા.ગાંધીધામના સ.નં.૩૨૦/૩ અને ૩૨૩ ની જમીનમાં રહેલ માપણી વધારો એ.૦.૦૭ ગું. નિયમિત કરતો મામલતદારશ્રી,ગાંધીધામનો હુકમ નં.જમન/વશી/૧૪૩૧/૨૦૦૭, તા.૩/૮/૨૦૦૭ વાળો સરકારશ્રીની સ્થાયી સૂચનાઓ સાથે સુસંગત ન હોઈ, તે "રદ" ઉકત કોષ્ટકમાં જણાવેલ વિગતે ચડત મહેસુલ અને પ્રિમીયમની થતી રકમ ભરપાઈ થયેલ હોતાં, મોજે : શીણાય, તા.ગાંધીધામના સ.નં.૩૨૦/૩ અને ૩૨૩ ની જમીનમાં રહેલ માપણી વધારો એ.૦.૦૭ ગુંઠા(ચો.મી.૭૦૮) જમીનના કબજાહકક સદર કામના અરજદારશ્રી હરી રણમલભાઈ ઝરૂને નીચે જણાવેલ શરતોને આધીન નિયમીત કરી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો :-

૧. સવાલવાળી જમીનમાં રહેલ માપણી વધારો કુલ એ.૦.૦૭ ગું. (ચો.મી.૭૦૮) ખેતીના હેતુ માટે જ નિયમબધ્ધ કરવામાં આવે છે.

૨. સદર સર્વે નંબરમાં રહેલ માપણી વધારો એ.૦.૦૭ ગું. જમીનના જે તે મૂળ સતા પ્રકારથી નિયમિત કરવામાં આવે છે. તેવી ગામ દફતરે રેકર્ડ રૂલ્સ મુજબ નોંધ કરવી.

૩. આ માપણી વધારો નિયમિત કરવાનો હુકમ જે તે સ.નં.ના ક્ષેત્રફળમાં જુની-નવી માપણીના કારણે આવેલ વધારો નિયમિત કરવા પુરતો જ છે.સવાલવાળા સ.નં.ની જમીનની અન્ય બાબતો જેવી કે,માલિકીહકક,ટાઈટલ,સતાપ્રકાર/ખેડુત સ્ટેટસ/નોંધોની યથાર્થતા/અપીલ/ રીવીઝન/કોર્ટ કેશ વિગેરે હાલના તબકકે ચકાસવામાં આવેલ નથી.જેથી આ હુકમથી સવાલવાળા સ.નં.ના ટાઈટલ અંગે કોઈ જ સમર્થન ગણવાનું રહેશે નહી અને ભવિષ્યમાં સવાલવાળા સ.નં.માં શરતફેર/બિનખેતી પરવાનગી કે હેતુફેર સમયે ટાઈટલ/સતાપ્રકાર વિગેરે અન્ય બાબતોની ખરાઈ/ચકાસણી જે તે સક્ષમ અધિકારીએ કરવાની રહેશે.

૪. સદરહુ હુકમમાં કોઈ કલેરીકલ ક્ષતિ હશે તો તે સુધારાને પાત્ર રહેશે.

રવાના કર્યુ, તા.૦૯/૧૦/૨૦૧૫

ચીટનીશ ટુ ઘી કલેકટર
કચ્છ-ભુજ

કલેકટર કચ્છ-ભુજ

સહિ/-(એમ.એસ.પટેલ)
કલેકટર કચ્છ

(નાં:એ–૨/લેન્ડ/મા.વ./રજી.નં.૨૦૩/૨૦૧૫)
(મોજે : શીણાય, તા.ગાંધીધામના સ.નં.૩૨૦/૩, ૩૨૩)

**રજી.પો.એડી.થી**

પ્રતિ,
શ્રી હરી રણમલભાઈ ઝરૂ,
રહે. તોલાણી ચેમ્બર, બી.એમ.પેટ્રોલપંપની બાજુમાં,
ગાંધીધામ–કચ્છ.

**નકલ રવાના :–**

૧.) નાયબ કલેકટરશ્રી, અંજાર
૨.) નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી અને મૂલ્યાંકન તંત્ર, ભુજ–કચ્છ.
૩.) મામલતદારશ્રી, ગાંધીધામ તરફ. (હુકમની બે નકલ)
હુકમ મુજબ ઈ–ધરા રેકર્ડ નોંધ પાડી તેની નોંધની નકલ અત્રે મોકલી આપવા સારૂ.
૪.) ડી.આઈ.એલ.આર.શ્રી, ભુજ
૫.) પેટા તિજોરી અધિકારીશ્રી, ગાંધીધામ–કચ્છ.
૬.) તલાટીશ્રી, શીણાય, તા.ગાંધીધામ–કચ્છ.
૭.) અત્રેના લેન્ડ–૫ દફતરે... અસલ ફાઈલ સાથે.
૮.) હુકમ ફાઈલે.

**નકલ સવિનય રવાના :–**

નાયબ સચિવશ્રી, મહેસૂલ વિભાગ, 'લ' શાખા, સચિવાલય, ગાંધીનગર.